**કે. એલ. વસાવા**

**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**
**વાટીકા ટાઉનશીપ સામે,**
**ડુંભાલ,સુરત.**
**ફોન નં.૨૩૩૧૯૦૩/૯૦૪**

નં. સા.ઈ.ઝોન/આઉટવર્ડ/૯૭૬૨
તારીખ :૦૭/૦૩/૨૦૨૬

**<u>–:સંમતિ પત્રક:–</u>**

**પ્રતિ,**

**વિષય :–** સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના ટી.પી. સ્કીમ નં. ૧૯(મગોબ), ટી.પી. સ્કીમ નં. ૩૯(લિંબાયત–ઉધના) અને પ્રી.ટી.પી. સ્કીમ નં. ૪૦(લિંબાયત–ડિંડોલી) માં આવેલ સુરત મહાનગરપાલિકાની વિવિધ મિલ્કતો જેવી કે વોર્ડ ઓફીસ, હેલ્થ સેન્ટર, કોમ્યુનીટી હોલ તથા નાગરીક સુવિધા કેન્દ્ર, આંગણવાડી, સુમન હાઈસ્કુલ તથા ન.પ્રા.સ. શાળાઓ વગેરેની અન્ડર ગ્રાઉન્ડ તેમજ ઓવર હેડ પાણીની ટાંકીઓને સમયાંતરે સાફ–સફાઈ કરવાનું કામ.

**સંદર્ભ :–** (૧) પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં આવેલ સુ.મ.પા.ની મિલ્કતોની અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીની સફાઈ, દિવાલ, ઉપરનો અને નીચેનો ભાગ સહિત, જમા થયેલ સિલ્ટેડ વેસ્ટની નિકાલ પ્રક્રિયા તથા એન્જિનીયર–ઈન–ચાર્જની સુચના મુજબ કલોરીનેશન કરવાના કામે મે.ડે. કમિશ્નરશ્રી ની તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજ મંજુર થયેલ ભાવે અને શરતોને આધિન.

(૨) મા. ડે. કમિશ્નરશ્રીની તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજની મંજુરી.

**મહાશય,**

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના ટી.પી. સ્કીમ નં. ૧૯(મગોબ), ટી.પી. સ્કીમ નં. ૩૯(લિંબાયત–ઉધના) અને પ્રી.ટી.પી. સ્કીમ નં. ૪૦(લિંબાયત–ડિંડોલી) માં આવેલ સુરત મહાનગરપાલિકાની વિવિધ મિલ્કતો જેવી કે વોર્ડ ઓફીસ, હેલ્થ સેન્ટર, કોમ્યુનીટી હોલ તથા નાગરીક સુવિધા કેન્દ્ર, આંગણવાડી, સુમન હાઈસ્કુલ તથા ન.પ્રા.સ. શાળાઓ વગેરેની અન્ડર ગ્રાઉન્ડ તેમજ ઓવર હેડ પાણીની ટાંકીઓને સમયાંતરે સાફ–સફાઈ કરવાના કામે ઉકત સંદર્ભ (૧) હેઠળ થયેલ ભાવે અને શરતોને આધિન મા.ડે. કમિશ્નરશ્રીની તા.૦૫/૦૩/૨૦૨૬ ની મંજુરી અન્વયે અંદાજીત રકમ રૂા.૫,૦૦,૦૦૦.૦૦પૈ.(GST સહિત) ની મર્યાદામાં સદરહું કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, તો આપનુ ઈ.એમ.ડી રૂા.૧૦,૦૦૦.૦૦પૈ. સહિતનું સંમતિપત્રક **તા.૧૭/૦૩/૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતુ કરશો.

## –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા. ૧૦,૦૦૦ /– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે સમાન કાર્યો સફળતા પૂવર્ક પૂર્ણ કર્યાનો સનુભવનાં સર્ટીફીકેટ (ફોર્મ –૩(A) ) સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૬. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૭. મા.ડે. કમિશ્નરશ્રીની તા.૧૨/૦૨/૨૦૨૬ થી મંજુર થયેલ ભાવે અને શરતે ટેન્ડરના પ્રાઇઝબીડ અને ટેકનીકલ બીડની શરતોને ઇજારદારશ્રી બંધનકર્તા રહેશે.

૮. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રેહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૯. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાનાં રેહેશે.

૧૦. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૧. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૨. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detiled Technical Specification મુજબ કરવાની રહેશે.

૧૩. આ કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦ (દસ) પુરા થયેથી ૧૨(બાર) માસની ગણવાની રહેશે.

૧૪. વાર્ષિક દર ચાર માસે સમયાંતરે ટાંકી સફાઈ કરવાની રહેશે.

**Sd/-**
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**

# SURAT MUNICIPAL CORPORATION

## SOUTH EAST ZONE (LIMBAYAT)

### SCHEDULE-B

**Annual rate Contract For Cleaning Under Ground and Overhead Water tank Of Various Municipal Building in T.P.-19 ( Magob ),39 ( Limbayat -Udhana ), and 40 ( Limbayat - Dindoli )in South East ( Limbayat ) Zone, Surat**

| Sr. No | Description | Qty | Annual 4 times Per Year for 2 ( Two Years ) OR as per Requirment | Rate ( Excl GST ) | Unit | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| 1 | Cleaning of under ground and overhead water tank,wall, top and bottom including disposal of silted waste and clorination as directed Engineer-in-charge. | 389050.00 | 8.00 | **0.1180** | **Ltr** | **367263.20** |
| | **TOTAL RUPEES** | | | | | **367263.20** |

**Sd/-**

**Executive Engineer,**
**South East Zone (Limbayat),**
**Surat Municipal Corporation.**

સાદર રજુ,

વિષય :– પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં આવેલ સુ.મ.પા.ની મિલ્કતોની અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીની સફાઈ, દિવાલ, ઉપરનો અને નીચેનો ભાગ સહિત, જમા થયેલ સિલ્ટેડ વેસ્ટની નિકાલ પ્રક્રિયા તથા એન્જિનિયર–ઈન–ચાર્જની સૂચના મુજબ ક્લોરીનેશન કરવાનું કામ

પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં આવેલ સુ.મ.પા.ની મિલ્કતોની અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીની સફાઈ, દિવાલ, ઉપરનો અને નીચેનો ભાગ સહિત, જમા થયેલ સિલ્ટેડ વેસ્ટની નિકાલ પ્રક્રિયા તથા એન્જિનિયર–ઈન–ચાર્જની સૂચના મુજબ ક્લોરીનેશન કરવાના કામે ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવેલ, આવેલ ટેન્ડરની વિગત નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧) | કામની જરૂરીયાત સહિતની ટુંકી વિગત | :– | પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં આવેલ સુ.મ.પા.ની મિલ્કતોની અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીની સફાઈ, દિવાલ, ઉપરનો અને નીચેનો ભાગ સહિત, જમા થયેલ સિલ્ટેડ વેસ્ટની નિકાલ પ્રક્રિયા તથા એન્જિનિયર–ઈન–ચાર્જની સૂચના મુજબ ક્લોરીનેશન કરવાની કામગીરી |
| ૨) | અંદાજ મંજુરીની વિગત | | |
| ૩) | ટેન્ડર નોટીસની વિગત | :– | – |
| એ) | નિયત સમય મર્યાદામાં આવેલ ટેન્ડરોની વિગત | :– | ડે.મ્યુ.કમિશનર (ડે)/પૂર્વઝોન–એ/૧૫/૨૦૨૫–૨૬ કામ નં. ૧૩ |
| | | :– | આ કામે નિયત તા.૦૭/૧૧/૨૦૨૫ સુધીમાં એકાઉન્ટ વિભાગ મારફત ૦૨(બે) સીલબંધ કવર મળેલા હતા. |
| | | | (૧) આર.એસ. એન્ટરપ્રાઈઝ<br>(૨) વેદ પુષ્પા |
| (બી) | ટેન્ડર પ્રસિધ્ધ કર્યાની તારીખ | :– | તા.૦૬/૧૦/૨૦૨૫ |
| સી) | ઓનલાઈન કવેરી સબમીશનની તારીખ | :– | – |
| ડી) | ટેન્ડર ડાઉનલોડ કરવાની અંતિમ તારીખ | :– | તા.૨૭/૧૦/૨૦૨૫ |
| ઈ) | કવોલીફિકેશન બીડ/ હાર્ડકોપીમાં રજુ કરવાની તારીખ | :– | તા.૦૭/૧૧/૨૦૨૫ |
| એફ) | આવેલ ટેન્ડરોની સંખ્યા | :– | ૦૨(બે) |
| જી) | કવોલીફિકેશન બીડ/ટેકનીકલ બીડ ખોલનાર અધિકારી | :– | કાર્યપાલક ઈજનેરશ્રી (ન્યુ ઈસ્ટ ઝોન–બી) |
| એચ) | કવોલીફિકેશન બીડ/ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | :– | તા.૨૯/૧૦/૨૦૨૫ |
| આઈ) | ઓનલાઈન પ્રાઈસબીડ ખોલવાની તારીખ | :– | ડે.કમિશનરશ્રી (ડે.) ની તા.૨૪/૧૨/૨૦૨૫ ની મંજુરીથી તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ ઓનલાઈન પ્રાઈસબીડ ખોલવામાં આવેલ છે. |
| જે) | અગાઉ મંજુર થયેલ કામની માહિતી | :– | – |
| ૪) | આવેલ કવોલીફિકેશન બીડની વિગત | :– | ૦૨(બે) |
| ૫) | કન્સલ્ટન્ટ રોકવામાં આવેલ હોય તો તેમની સ્ક્રુટીની અને ભલામણની ટુંકી વિગત | :– | – |
| ૬) | ટેકનીકલી કવોલીફાઈડ થયેલ ટેન્ડરરોની બીડની વિગતો | :– | ૦૨(બે) |
| ૭) | ટેન્ડરરોની પ્રાઈઝબીડ ખોલવામાં આવેલ તેની વિગતો તથા માર્કેટ રેટ વગેરેનું તુલનાત્મક પત્રક (પરિશિષ્ટ–અ મુજબ) | :– | ઉપરોકત પ્રાઈસબીડ ડે. કમિશ્નરશ્રી(ડે.)ની તા.૨૪/૧૨/૨૦૨૫ ની મંજુરીથી ખોલવામાં આવેલ છે. |
| ૮) | ટેન્ડર વેલીડીટી પીરીયડ અને કામ પુરૂ કરવાની સમયમર્યાદા | :– | ટેન્ડર વેલીડીટી પીરીયડ ૧૨૦ દિવસ એટલે કે તા. ૩૦/૦૪/૨૦૨૬ સુધી તથા કામની સમયમર્યાદા ૧૨ માસ ચોમાસા સહિત |
| ૯) | બજેટ હેડ | :– | બજેટ સેન્ટર કોડ ૪૨/૩૦૦૩ |
| ૧૦) | નાંણાકીય જોગવાઈ | :– | વર્ષ ૨૦૨૫–૨૦૨૬ ના બજેટ હેડ ૪૨/૩૦૦૩ માં રૂા. ૫૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે . |

| ૧૧) | આવેલ ટેન્ડરની ટૂંકી વિગત નીચેના પરિશિષ્ટ મુજબ છે. |
|---|---|

**પરિશિષ્ટ**

| અ.નં. | ઈજારદારનું નામ | અંદાજીત રકમ (જી.એસ.ટી સિવાય) એસ.ઓ.આર. ૨૦૨૩-૨૪ રૂા. પૈ. | આવેલ ટેન્ડરો ની ટકાવારી ઉંચું/નીચું | ટેન્ડર રકમ (જી.એસ.ટી સિવાય) રૂા. પૈ. | નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | આર.એસ. એન્ટરપ્રાઈઝ | ૪,૧૮,૦૦૦.૦૦ | ૧૦.૦૦ % ઉંચું | ૪,૫૯,૮૦૦.૦૦ | L1 |
| ૨ | વેદપુષ્પા | ૪,૧૮,૦૦૦.૦૦ | ૨૦.૦૦ % ઉંચું | ૫,૦૧,૬૦૦.૦૦ | L2 |

નોંધ :- આ ટેન્ડર પ્રથમ પ્રયાસે બહાર પાડેલ છે.

ઉપરોક્ત પરિશિષ્ટ મુજબ, આ કામે આવેલ કુલ ૦૨ (બે) ટેન્ડરરશ્રીઓ પૈકી સૌથી નીચાભાવના ટેન્ડરરશ્રી આર.એસ. એન્ટરપ્રાઈઝ નું ટેન્ડર અંદાજીત રકમ રૂાલ ૪,૧૮,૦૦૦.૦૦પૈ. થી ૧૦.૦૦% ઉંચું એટલે કે ટેન્ડર રકમ રૂા. ૪,૫૯,૮૦૦.૦૦ પૈ. નું થવા જાય છે. ( પત્રક પાના નં.૮૯ ઉપર સામેલ છે.)

સદર કામે આવેલ કુલ ૦૨(બે) ટેન્ડરરશ્રીઓ પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરરશ્રી આર.એસ. એન્ટરપ્રાઈઝ ધ્વારા તેઓના તા.૦૫/૦૨/૨૦૨૬ ના પત્રથી જણાવેલ છે કે " ઉપરોકત કામે અમો લોએસ્ટ ટેન્ડરર છીએ. સદરહું કામ અમો અંદાજીત રકમ થી ૧૦.૦૦% ઉંચા ભાવે ભરેલ છે. સદરહું કામ અમો હવે અંદાજીત રકમ રૂા.૪,૧૮,૦૦૦.૦૦ પૈ. થી ૦૮.૦૦% ઉંચા ભાવે એટલે કે ટેન્ડર રકમ રૂા.૪,૫૧,૪૪૦.૦૦ પૈ. ના ખર્ચે તથા પ્રવર્તમાન જી.એસ.ટી.નું અલગથી ચૂકવણું કરવા સાથે કામગીરી કરી આપીશું ". (પત્ર વ્ય. વિ. પાના નં. ૯૫).

મા. કમિશ્નરશ્રીના પરિપત્ર નં. સી.એમ.એફ/૧૭, તા.૧૪/૧૦/૨૦૨૫ મુજબ માન. કમિશ્નરશ્રીના ઓર્ડર નં. ડી.પી./૦૯/૨૦૨૫-૨૬ , તા.૧૪/૧૦/૨૦૨૫ થી રૂા. ૫.૦૦ લાખ સુધીના કામોના અંદાજો મંજુર કરવા, કામ સોંપણી કરવા/કામ મંજુર કરવા ડે. મ્યુ. કમિશ્નરશ્રી, સીટી ઈજનેરશ્રી, તથા એડી.સીટી ઈજનેરશ્રીને તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી પાવર ડેલીગેટ કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતથી વિદિત થઈ, પૂર્વ(વરાછા)ઝોન-એ વિસ્તારમાં આવેલ સુ.મ.પા.ની મિલ્કતોની અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીની સફાઈ, દિવાલ, ઉપરનો અને નીચેનો ભાગ સહિત, જમા થયેલ સિલ્ટેડ વેસ્ટની નિકાલ પ્રક્રિયા તથા એન્જિનિયર-ઈન-ચાર્જની સૂચના મુજબ કલોરીનેશન કરવાની કામગીરી કરવાના કામે આવેલ કુલ ૦૨ (બે) ટેન્ડરરશ્રીઓ પૈકી સૌથી નીચાભાવના ટેન્ડરરશ્રી આર.એસ. એન્ટરપ્રાઈઝ નું ટેન્ડર અંદાજીત રકમ રૂા. ૪,૧૮,૦૦૦.૦૦પૈ. થી ૧૦.૦૦% ઉંચું એટલે કે ટેન્ડર રકમ રૂા. ૪,૫૯,૮૦૦.૦૦ પૈ.( જી.એસ.ટી સિવાય) નું ભરેલ ટેન્ડર તેઓના તા.૦૫/૦૨/૨૦૨૬ ના પત્રથી ( પત્ર વ્ય. વિ. પાના નં.....૯૫......) ટેન્ડર શરત અને સ્પેશીફીકેશન મુજબ ટેન્ડરની અંદાજીત રકમ રૂા.૪,૧૮,૦૦૦.૦૦ પૈ. થી ૦૮.૦૦% ઉંચા ભાવે એટલે કે ટેન્ડર રકમ રૂા.૪,૫૧,૪૪૦.૦૦ પૈ. ના ખર્ચે તેમજ પ્રવર્તમાન જી.એસ.ટીનું ચુકવણું અલગથી કરવા સાથે કામગીરી કરી આપવાના કામનું ટેન્ડર ટેન્ડરની શરતો તથા સ્પેશીફીકેશનને આધીન રહી સ્વીકારવાનુ વ્યાજબી હોઈ ટેન્ડરરશ્રી આર.એસ. એન્ટરપ્રાઈઝનું ટેન્ડર મંજુર કરવા મે.ડે. કમિશનરશ્રી(ડે.) ની મંજુરી મળવા વિનંતી.

૧૦.૦૨

જુની./આસી. ઈજનેર,

ડે. ઈજનેરશ્રી, 10/02/2026

ઈજારદાર દ્વારા આ કામ તેમની તા 05.02.2026 ના
પત્રથી રૂ 4,18,000/- થી + 8.00% રૂ. 4,51,440/- ના ભાવે કરવા
કાર્યપાલક ઈજનેરશ્રી, સ્વીકારેલ હોઈ મંજુરી મળવા વિનંતી.

11/2

મે.ડે. કમિશનરશ્રી(ડે.)

12/02/2026

# સુરત મહાનગરપાલિકા

કાર્યપાલક ઈજનેર
પૂર્વ (વરાછા) ઝોન–એ
સૈફી સોસા.પાસે, પંચવટી વાડીની સામે
લંબેહનુમાન રોડ, સુરત.

ફેક્ષ : (૦૨૬૧) ૨૫૪૩૬૪૦
ફોન : (ઓફીસ) ૨૫૫૧૩૬૩, ૨૫૪૭૭૫૦
એક્ષ. નં. ૨૦૩
ઈ–મેઈલ : eastzone_smc@yahoo.com

ઈઝેડ/વર્કઓર્ડર/નં. ૫૦૦
તા. ૨૩/૨/૨૬

## વર્કઓર્ડર

પ્રતિશ્રી,
આર.એસ. એન્ટરપ્રાઈઝ,
બી–૮૦૪, યોગી કોમ્પલેક્ષ,
નવો રાંદેર રોડ,
સુરત–૩૯૫ ૦૦૯.

**વિષયઃ–** પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં આવેલ સુ.મ.પા.ની મિલ્કતોની અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીની ટાંકીની સફાઈ, દિવાલ, ઉપરનો અને નીચોનો ભાગ સહિત, જમા થયેલ સિલ્ટેડ વેસ્ટની નિકાલ પ્રક્રિયા તથા એન્જિનિયર–ઈન–ચાર્જની સૂચના મુજબ કલોરીનેશન કરવાનું કામ.

**સંદર્ભ :–** (૧) ઓનલાઈન ટેન્ડર નોટીસ નં.ડે.કમિશનરશ્રી(ઉ.)પૂર્વઝોન–એ/૧૫/ ૨૦૨૫–૨૬ કામ નં. ૧૩
(૨) આપનું તા. ૦૧/૦૧/૨૦૨૫ નું ઓનલાઈન ટેન્ડર
(૩) આપશ્રીની તા.૦૫/૦૨/૨૦૨૬ ની લેખિત સંમતિ
(૪) મે.ડે.કમિશ્નરશ્રી ની તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજની મંજુરી

મહાશય,

ઉપરોકત વિષય/સંદર્ભમાં દર્શાવેલ કામે આપશ્રીનું સંદર્ભ(૨) તા.૦૧/૦૧/૨૦૨૫ નું ઓનલાઈન ટેન્ડર, આપશ્રીની સંદર્ભ (૩) હેઠળની લેખિત સંમતિ મુજબ સંદર્ભ(૪) હેઠળ મે.ડે.કમિશ્નરશ્રી ની તા.૧૨/૦૨/૨૦૨૬ ના રોજની મંજુરીથી ટેન્ડરની અંદાજીત રકમ રૂા.૪,૧૮,૦૦૦.૦૦ પૈ. થી ૦૮.૦૦% ઉંચા ભાવે એટલે કે ટેન્ડર રકમ રૂા.૪,૫૧,૪૪૦.૦૦ પૈ. તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી. નું ચુકવણું અલગથી કરવાના ખર્ચે મંજુર કરવામાં આવે છે. તો આ વર્કઓડર મળ્યેથી તાકીદે પ્રાથમિક તૈયારીઓ કરી સદર કામ ચાલુ કરવા આથી તમોને હુકમ આપવામાં આવે છે.

વધુમાં આ વર્કઓર્ડર મળ્યે દિન–૧૦ માં નીચે પ્રમાણેની પૂર્તતા કરવા તાકિદ કરવામાં આવે છે.

(અ) એગ્રીમેન્ટ :

(૧) મંજુર થયેલ રકમ રૂા. ૪,૫૧,૪૪૦.૦૦ પૈ. ના ૨.૦% પ્રમાણે સીકયોરીટી ડીપોઝીટ રૂા. ૯,૧૦૦/–(અંકે રૂપિયા નવ હજાર એકસો પુરા) રોકડા / ડીમાન્ડ ડ્રાફ્ટ થી જમા કરાવવા પ્રબંધ કરશો. સીકયોરીટી ડીપોઝીટની રકમ વર્કઓર્ડરની તારીખ થી દિન–૧૦ માં જમા કરાવવામાં આવશે. જો તેમ કરવામાં કસૂર થશે તો સીકયોરીટી ડીપોઝીટના ૦.૦૬૫% પ્રતિ દિવસ પ્રમાણે પેનલ્ટી વસુલ લેવામાં આવશે. જેની નોંધ લેશો.

(૨) સીકયુરીટી ડિપોઝીટ રોકડા /ડીમાન્ડ ડ્રાફ્ટ થી ભરવાના કિસ્સામાં રૂા.૩૦૦/– વત્તા રૂા.૩૦૦/– ની કીમતના ગુજરાત રાજયના સ્ટેમ્પ પેપર રજુ કરી કરારનામું કરવાનું રહેશે.

(૩) મંજુર થયેલ રકમના ૨૦% પ્રમાણેની જામીનગીરી આપવા માટે રૂા.૩૦૦/– ની કીમતનો ગુજરાત રાજયનો સ્ટેમ્પ પેપર રજુ કરી જામીનગીરી આપી જવા પ્રબંધ કરશો.

(૪) જો આપની ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરાર ની ઝેરોક્ષ કોપી (પ્રમાણિત નકલ) રજુ કરી સાથે થયેલ કરાર બતાવી જવા તજવીજ કરશો.

(૫) આ કામ માટે ટેન્ડરમાં નિયત કરેલ શીડયુલ કામની અચુક પ્રગતિ જળવાય રહે તે માટે અત્રેથી ખાસ તકેદારી રાખવામાં આવશે. જેથી તે મુજબની કામની અચુક પ્રગતિ રાખવા નોંધ લેવી.

(૬) આ પત્ર મળ્યેથી આ કામ શરૂ કરવા માટે કામ ની લાઈન, માર્ગદર્શન, સલાહ સુચન મેળવવા સંબંધિત ઝોનના ડે.ઈજનેરશ્રી/ જુની.ઈજનેરશ્રી/ સુપરવાઈઝરશ્રી નો સંપર્ક સાધવા નોંધ લેવી.

(૭) આ કામ પુરુ કરવાની સમય મર્યાદા સદર વર્ક ઓર્ડર ની તારીખથી દિન–૧૦(દસ) પુરા થયેથી ૧૨ (બાર) માસ ચોમાસા સહિત ગણવાની રહેશે.

(બ) કોન્ટ્રકટ મુજબ (નિયમ અને નાબુદી) અધિનિયમ ૧૯૭૦ :

પ્રર્વતમાન કાયદા હેઠળ લેબર લાયસન્સ લેવુ જરૂરી હોય તે અંગે અત્રેની કચેરીના સેકશન ઓફિસરશ્રી ને રૂબરૂ મળી લાયસન્સ મેળવી લેવા માર્ગદર્શન મેળવી અને તે અંગે જરૂરી લાયસન્સ મેળવી તમોને સુપ્રત કરેલ કામગીરી ચાલુ કરવી તેમ છતા તે મેળવ્યા સિવાય જો આ કામગીરી ચાલુ કરવામાં આવશે. તો તેની સામે ઉભી થનાર સંબંધિત સર્વાગી જવાબદારી તમારા શિરે રહેશે. તેની પણ સ્પષ્ટ નોંધ લેશો.

બાળ કામદારો રોકી શકાશે નહી. તેમ છતાં જો રોકવામાં આવશેતો રૂા.૨૦,૦૦૦/– વસુલ લઈ ચાઈલ્ડ લેબર રીહેબીલીટેશન કમ વેલ્ફેર ફંડ ખાતે કલેકટરશ્રી ને જમા કરાવવામાં આવશે. તથા બીજી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની ઈજારદારે સ્પષ્ટ નોંધ લેવી.

આ વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦(દસ) માં આપના તરફે પ્રાથમિક તૈયારીઓની પૂર્તતા તારીખથી સદર કામગીરી શરૂ કરવાનો સમય આપવામાં આવશે. તમોને સોંપવામાં આવેલ કામગીરી પૂરી કરવાની સમય મર્યાદા દરમ્યાન ટેન્ડરના મેમોરેન્ડમમાં નિયત શીડયુલ પ્રમાણે પ્રોગ્રેસ જાળવવા ખાસ તકેદારી રાખવાની રહેશે. અને જો તેમાં કસુર / ચુક થશે તો ટેન્ડર કલોઝ નં.–૨ પ્રમાણે સમય મર્યાદા પુરી થયા બાદ શિક્ષાત્મક કાર્યવાહીનો અમલ કરી આપના રનીંગ બીલમાંથી સમય મર્યાદાના પ્રશ્ને શિક્ષાત્મક પગલા (જેમાં દંડકીય વસુલાત વિગેરે નો સમાવેશ થાય છે) કરવામાં આવશે તેની ઈજારદારે સ્પષ્ટ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
પૂર્વઝોન (વરાછા)–એ
સુરત મહાનગરપાલિકા